# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૧૦ • તા.૧૮ મે થી ૨૪ મે ૨૦૨૪



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# કેડીઓ ગ્લોબલ વિલેજના પ્રેરણા દાતા બની આધારસ્તંભ બનો



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member



SHUBH DIAMONDS


RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# જીવનમાં અવનવા રંગો ભરતા અનેકવિધ તહેવારો

ભારત દેશ વિવિધ ઉત્સવ તહેવારોનો ગુચ્છો છે. જેમાં દરેક ધર્મ, સંપ્રદાય વિવિધ દેવ-દેવીઓ, એટલું જ નહીં સૂર્ય, ચંદ્ર, ગાય, સર્પને લગતા તહેવારો ઉજવાતા રહે છે. વિદેશમાં નાતાલ, ન્યૂ યર જેવા ઈન મીન સાડે તીન તહેવારો ગણીને છે. તો માતા-પિતા, ભાઈ-બહેન, મિત્ર વિગેરે માટે મુકરર દિવસ હોય જે દિવસે જે તે સંબંધોની યાદ કરી તેમની ગુણ ગાથા ગાઈ લીધી કે ઉજવણી પૂરી થઈ.

આની સરખામણીમાં આપણો દેશ વિવિધ તહેવારો, ઉત્સવોની ઉજવણીમાં મગ્ન રહેતો દેશ છે. વિવિધ ધર્મના ઉત્સવો ક્રમશ ઉજવવાને લીધે નાના, મોટા વેપારીઓને પણ તેમના જોગનો ધંધો મળી રહે છે. એક ધારા ચાલતા જીવનમાં નવીન થાય, હર કોઈ દિવસ અલગ રીતે ઉજવાય તો એક નવો માહોલ મળે, એક ઉત્સાહવર્ધક વાતાવરણ સર્જાય છે. જે પછી ના અનેક દિવસો આનંદ ઉમંગ ભર્યા રહેતા હોય છે. રોજ રોજ ખારું, ખાટું, કડવું ભોજન પછી મીઠો મધૂર આહાર માણવાની મજા અલગ હોય છે. દુ:ખ દર્દ, શોકની લાગણીઓ વચ્ચે સુખનો માહોલ જીવનમાં મેઘધનુષ જેવા રંગો સર્જે છે. જે અદમ્ય ઉત્સાહની લહેર સર્જે છે.

આપણી ભારતીય સંસ્કૃતિના વરસ દરમ્યાન આવતા તહેવારો આપણા જીવનમાં નવીન ઉત્સાહ આનંદ અને ખુશાલીના ફૂલ ગુચ્છા છે. જે આપણા પરિવારો મિત્રો આપણા સહ કર્મચારીઓ, આપણા પોતાના વ્યાપાર ધંધાના સહયોગી સાથેનો નાતો વધુ મજબૂત બનાવે છે. જેમ દર સપ્તાહના સોમથી શનિ સુધીના રૂટિન પછી રવિવારની રજા આવનાર બીજા સપ્તાહ માટેનો ઉત્સાહ સાથે શક્તિ માટે બૂસ્ટરનું કામ કરે છે. વરસની ત્રણ મોસમ ઠંડી, ગરમી અને વર્ષા. તેની છ ઋતુ શરદ, હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા. એ બધાને સાંકળતા અલગ અલગ જાતભાતના ઉત્સવો આ ઋતુમાં પાકતા ધાન્ય, ફળ, ફૂલોને લીધે એક નવો માહોલ આપણને આપે છે. ક્ષુલ્લક કારણો સાથે તહેવારો જોડવામાં આવે તો લોકો એનો અમલ ન પણ કરે, પણ કોઈ ધાર્મિક માન્યતા, કે દેવ દેવી સંસ્કૃતિને જોડીને તહેવારો ઉજવાયતો પરિવારના નાનાથી મોટા એમાં ઉત્સાહ આનંદ અને ઉમંગથી રૂઢિગત માન્યતાઓને આદર આપીને સંકળાય છે. ભારતીય સંસ્કૃતિની મોટી ઉપલબ્ધિ તેના ઉજવાતા વિવિધ તહેવારો છે. ગમીગીની ઉત્સાહ, સવાર સાંજ, દિવસ રાત, તડકો છાંયડો, આ બધાનું મિશ્રણ જીવનમાં નવા રંગો નવો માહોલ સર્જે છે. નાના મોટા, બાળકો વડીલો, દરેક વયના માટે ઉત્સવ ઉજવણી માટે અલગ અલગ કારણો હોય છે. નાના બાળકો કલાસનું હોમવર્ક ભૂલી ધીંગા મસ્તીથી ઘરને, શેરીને, સોસાયટીને તોફાન કોલાહલથી ભરે છે તો વડીલો સ્નેહી સ્વજનોને તહેવારોની વિવિધ પ્રકારે શુભેચ્છા-લાગણી સાથે પોતાની શુભેચ્છા અર્પે છે. તો મધ્યમવયના માતા-પિતા પોતાના સમોવડીયાઓની સાથે ઉત્સવના અવનવા રંગોથી ઉજવી દિવસ યાદગાર બનાવે છે. આમ સમગ્રરીતે જીવનમાં આવતા અવનવા તહેવારો, અઢળક ઉત્સવો નાના મોટા સૌના હૃદય ઉત્સાહ, ઉમંગના રંગોથી મેઘધનુષ માહોલ સર્જે છે. જિંદગી રંગીન છે તો જ જિંદગી સંગીન છે.

– જય જ્ઞાતિમૈયા

# જેવા છીએ તેવા રહીએ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

પૃથ્વી પર જન્મ લેતો દરેક જીવ જે જન્મ છે તે પોતાની વિશિષ્ટતા સાથે અવતરે છે. માનવ બચ્ચું જન્મતા આપોઆપ રડે છે. ચકલીનું બચ્ચું આપ મેળે ઉડે છે તેને કોઈ ક્લાસની જરૂર પડતી નથી. માછલીના ઈંડામાંથી નીકળતું બચ્ચું પણ તરવા લાગે છે. તેને કોઈ ટ્રેનિંગની જરૂર નથી પડતી. માનવ જીવ પ્રાકૃતિક રીતે માનવતાના ગુણો સાથે જન્મે છે. પરંતુ માનવ અને બીજા જીવોમાં એક મોટું અંતર છે. સજીવ પક્ષી પ્રાણીઓના જીવ પ્રાકૃતિક નિયમોને અનુસરે છે જ્યારે માનવ પાસે કર્મ કરવાની શક્તિ છે. તે ધારે તો કર્મ દ્વારા માનવ પણ રહી શકે છે અને બુરા કર્મ કરી દાનવ વૃત્તિ પણ ધારણ કરી શકે છે.

ગુજરાતી કવિએ કહ્યું છે કે 'હું માનવી માનવ થાઉં તો ઘણું.' વ્યક્તિ મટીને બનું વિશ્વ માનવી. માણસ માણસ થઈને રહે તો સારું પણ માણસને તો પોતાને ભગવાનથી પણ ઉપર હોવાનું અભિમાન છે. તે એવું માને છે કે મારા જેવો શ્રેષ્ઠ કોઈ છે જ નહીં. હું જ સર્વ સર્વા છું. અક્કલમંદ બતાવવું એ તેની ખાસિયત છે. પોતાની ભૂલ હોવા છતાં હું નિર્દોષ છું એવું વલણ તેનું હોય છે. આપણે જેવા છીએ તેવા જ દુનિયામાં રહીએ તો  જીવન જીવવાનો આનંદ કાંઈક અલગ આવે. સત્ય હમેંશા કડવું હોય છે પણ તેનું પરિણામ હમેંશા સારું જ હોય છે. નાનું બાળક પોતાની મસ્તીમાં જીવે છે. તેના મનમાં કોઈ પ્રત્યે રાગ દ્વેષ નથી હોતો. તેની નજરમાં બધાં સરખા હોય છે, સારા હોય છે એટલે તેનું જીવન આનંદમય હોય છે. માનવી જેમ ઉંમર લાયક થાય છે તેમ તેમ તેનું વર્તન આચરણમાં ફરક આવતો જાય છે.

એક રાહદારી મારગમાં ચાલતા રસ્તા વચ્ચે પડેલ મોટા પથ્થરથી ટકરાય છે અને ક્રોધથી ઉકળી રાડારાડ કરવા માંડે છે કે ''ક્યા બેવકૂફે રસ્તા વચ્ચે પથ્થર રાખ્યો છે. કંઈ શિસ્ત, સમજ છે કે નહીં? એનું નામ મળે તો તેને મજા ચખાવું એવી કે બીજીવાર આવું કારસ્તાન ન કરે.'' આજુબાજુ પસાર થતાં તેનો ક્રોધ ભર્યા વેણ સાંભળી હસતાં હસતાં પસાર થઈ ગયા. એક સજ્જનથી તેનું દુઃખ ન જોવાતા તેની પાસે જઈ ઉઠાડી સમજાવવા લાગ્યાં કે ભાઈ જરા જોઈ સંભાળી ચાલો તો લાગે નહીં. સાંભળીને લાટ સાહેબ ઉકળી ઉઠ્યા. ''મને સલાહ આપવા વાળા તમે વળી કોણ? જેણે રસ્તા વચ્ચે પથ્થર રાખ્યો છે. તેને જઈને સમજાવો તો સૌને સારું પડે. આવ્યા મોટા સલાહ આપવા વાળા.''

આવી હાલત આપણી છે. આપણી પોતાની ભૂલ જોવી નથી. ભૂલ સુધારવાની સલાહ સાંભળવી ગમતી નથી. માત્ર હું જે કંઈ કરું છું તે જ ખરું એની જીદ માંડવી છે. આપણે જેવા છીએ તેવા જ રહીએ તો જીવન જીવવાનો આનંદ અલગ જ હોય છે. આપણે જેમ છીએ એવા ઠીક છીએ. ગરીબ હોઈએ તો અમીરનો ડોળ શા માટે કરવો? કમજોર છીએ તો વગર વિચારે તાકાતવાન છીએ તેનો દંભ શાને કરવો? આપણે પોતાને ઓળખીએ અને જેવા છીએ તેવા જ રહીએ. જે નથી એનો દંભને ડોળ ન કરીએ અને જે છે એને દર્શાવી એ જેથી પ્રતિભાની સાથો સાથ પ્રતિષ્ઠા પણ મળશે અને લોકોની લાગણી, પ્રેમ અને વિશ્વાસ પણ મળશે.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49%
(p.a.)

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**


SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

KDO




# સમસ્ત મહાજન પ્રેરિત કેડીઓ ગ્લોબલ વિલેજના પ્રેરક સ્તંભ તેમજ આધાર બની આ પ્રોજેક્ટમાં સાથ આપવા શ્રેષ્ઠીજનોને અપીલ









શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઈ
Shree K.D.O. Students Association
જ્ઞાતિની એકમાત્ર પ્રવૃત યુવા સંસ્થા
આદિ સે મીત
નેમ સે પ્રીત
શ્રી આદિ-નેમ
સંધ્યા ભક્તિ ૨૦૨૪
VENUE PARTNER
Matushri Pushpaben Damji Lodaya Pariwar
Haste : 5 Star Caterers
(Bandiya - Bhandup)
ADVERTISING PARTNER
Matushri Kasturibai Raichand Lalka Pariwar
(Varapadhar - Borivali )
SATURDAY - 25th MAY, 2024
7:00 pm (onwards)
Mewad Kesari Bhawan
1st Floor, A/C Banquet Hall,
L.B.S. Marg, Subhash Nagar,
Bhandup (W), Mumbai - 78
Shri. Ishaan Doshi
COMPARER
Shri. Bhavik Shah
Shri. Paras Gada
Shri. Harshit Shah
SINGERS
Follow us on #SHREEKDOVS

## પ.પૂ.મુનિરાજશ્રી પ્રિયંકરસાગરજી મ.સા.એ સંયમ જીવનના ૪૦મા વર્ષમાં પ્રવેશ કર્યો



મંજલ રેલડિયા ગામના માવિત્ર રશ્મિબેન હિરાચંદભાઈ રતનશી ગાલાના સંસ્કારી, સદ્‌ગુણી પુત્ર નાંગલપુર નગરે વિક્રમ સંવત ૨૦૪૧ની વૈશાખ સુદ ૯ તિથિ દિને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય તરીકે નૂતન નામ પ.પૂ.મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા. ધારણ કરી સંયમ જીવનના પથે પ્રવાસનો આરંભ કર્યો.

ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ અને આરાધના કરતાં કરતાં સંયમજીવનના ૩૯ વર્ષ પૂર્ણ કરી વિક્રમ સંવત ૨૦૮૦ના વૈશાખ સુદ ૯ તિથિ દિને પૂજ્ય સાહેબ ૪૦મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે સૌ ગુરૂભક્તો શુભકામના ઈચ્છતા આગામી વરસોએ સુવર્ણ વર્ષ, હીરક, અમૃત વર્ષ ઓળંગી સિધ્ધિ શિખરના સર્વોચ્ચ શિખર શતક વર્ષની ટોચે બિરાજે એ ભાવના સાથે શત શત વંદના.

## પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૫૬ વર્ષ પૂર્ણ કર્યા



વિક્રમ સંવત ૨૦૨૪ના વૈશાખ સુદ ૭ તિથિ દિને કોઠારા-સાંયરાના માવિત્ર માતુશ્રી લક્ષ્મીચંદ લખમશીભાઈ દંડના ધર્મભાવ મગ્ન અને સંયમ જીવનના સંકલ્પ મનમાં રોપનારા સદ્‌ગુણી સુપુત્રી મોટા આસંબિયા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી ચારૂગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પંથે વિચરણ પ્રારંભ કર્યો. ધર્મ, તપ, ત્યાગ ભક્તિમાં લીન થઈ આજે વિક્રમ સંવત ૨૦૮૦ના વૈશાખ સુદ ૭ તિથિ દિને સાહેબજી સંયમ જીવનના ૫૬મો વર્ષ ઓળંગીને શુકનવંતા સતાવન વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે.

આ સિધ્ધિ દિને ગુરૂ ભક્તોની પ્રાર્થના છે કે પૂજ્ય સાહેબ સંયમ જીવન પ્રવાસમાં અવિરત આગળ વધતાં રહી હીરક, અમૃત વર્ષથી આગળ શતક વર્ષના શિખરે પહોંચે એ મંગળ ભાવના સાથે શત શત વંદના.

## પ.પૂ.સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૧૦ મા વર્ષમાં પ્રવેશ કર્યો




વિક્રમ સવંત ૨૦૭૧ના વૈશાખ સુદ ૬ તિથિ દિને સાંધવના માવિત્ર માતુશ્રી મીનાબેન મણિલાલ પદમશી ખોનાના સદ્‌ગુણી, સંસ્કારી અને ધર્મના રંગમાં રંગાયેલા પુત્રી મુંબઈના ભાંડુપ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા. સ્વીકારી સંયમ જીવન પથે વિચરણ શરૂ કર્યો. તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ, આરાધના કરતાં વિક્રમ સંવત ૨૦૮૦ વૈશાખ સુદ ૬ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના પ્રવાસના ૯ વર્ષ પૂર્ણ કરી દમદાર પણે દસમા વર્ષમાં પ્રવેશ કર્યો છે.


આ પાવન ક્ષણને વધાવતાં સૌ ભાવિકજનોની હૃદયકામના છે કે પૂજ્ય સાહેબ હજુ આગળ રજત, સુવર્ણ, હીરકથી આગળ અમૃત વર્ષ પૂર્ણ કરી શતક વર્ષની સર્વોચ્ચ શિખરે બિરાજમાન થાય એ પ્રાર્થના સાથે વંદના.

# મલકાપુર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.નું વર્ષીતપ પારણું સંપન્ન





મહારાષ્ટ્ર રાજ્યના મલકાપુર નગર સંઘના શ્રી સુમતિનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટના પાવન આંગણે પ.પૂ.સાધ્વીશ્રી સંયમ ગ ુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પુનીત નિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી ચૈત્યગુણાશ્રીજી મ.સા.ના વર્ષીતપ પારણોત્સવનું આયોજન ભવ્ય ભાવ સાથે થયું. સાથે મલકાપુર સંઘના સુશ્રાવિકા સૌ. સ્મિતા વિનોદજી પારખનું પણ પારણું થયેલ. મોટી સંખ્યામાં ગામવાસીઓ તેમજ બહારગામથી મહેમાનો પધારેલ હતા. આ પ્રસંગે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયેલ. ભાવિક ભાઈ બહેનો શોભાયાત્રામાં હરખભેર શામિલ થઈ લાભ લીધો હતો.








**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# સંજીવની રજત પેટ્રન તરીકે જોડાનાર દાતાની અનુમોદના

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**

**મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની**

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



## સ્વ. શ્રી પદમશીભાઈ કુંવરજી લોડાયા (શાહ)

**કચ્છ: સાંધવ - કોલકત્તા**

**હસ્તે : માતુશ્રી હેમલતાબેન પદમશી ભાઈ લોડાયા પરિવાર**

**સંજીવની રજત પેટ્રન — Rs. 25,000**

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિના જ્ઞાતિ ઉપયોગી કાર્યની નોંધ દાતાઓ લઈ અને મદદરૂપ હાથ લંબાવી આ યોજનાને સફળતા અપાવી છે. મેડિકલ સમિતિની સંજીવની યોજના જેની મદદ આકસ્મિક સ્વાસ્થ્ય સમસ્યાને લીધે પોતાને આધારહીન અવસ્થામાં સપડાયેલા સમજે છે. તેમને આ કટોકટીમાં ઉગારવા સહાયક બને છે. જરૂરતને આધારે જોઈતું ભંડોળ ક્રાઉડ ફંડિગ દ્વારા જમા કરી તાત્કાલિક સંકટગ્રસ્ત પરિવારને પહોંચાડાય છે. આજ સુધી ૧૪૧ સંજીવની કેસ સમયસર અને સરળતાથી સફળતાપૂર્વક ઉકેલાયા છે.

સંજીવની યોજના માટે વિવિધ પેટ્રન યોજના છે. જેમાં શ્રેષ્ઠીઓ પોતાની સ્વેચ્છાએ નામ નોંધાવી સદ્‌ગત સ્વજનની સ્મૃતિ માટે પર સેવાનું પુણ્ય કમાવે છે. સ્વ.શ્રી પદમશીભાઈ કુંવરજી લોડાયા સાંધવ કલકતાની સ્મૃતિમાં હસ્તે માતુશ્રી હેમલતાબેન પદમશીભાઈ લોડાયા પરિવારએ રૂા.૨૫ હજારનું ઉદાર અનુદાન નોંધાવી સંજીવની રજત પેટ્રન તરીકે નોંધ કરાવી. સેવાની કડીમાં જોડાયા છે.

પરોપકારનો પર્યાયી અર્થ છે બીજાઓની ભલાઈ કરવી. અન્યની પીડાને સ્વની પીડા સમજે એ માનવીનો શ્રેષ્ઠ સ્વજન છે. આવી ઉમદા લાગણી દર્શાવનારા દાતા પરિવારની ઉદારતાને વંદન કરી મેડિકલ સમિતિ ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

# મુંબઈ મધ્યે શ્રી વીર વાછરાદાદાની પેડી પ્રસંગમાં ૧૫૦૦ વધુ ભાવિકો ઉપસ્થિત રહ્યાં



શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ દ્વારા શ્રી વાછરાદાદાની ૩૧ મી પેડીનો પ્રસંગ દાતાશ્રી માતુશ્રી ગંગાબાઇ ભવાનજી ચત્રભોજ લોડાયા સાંયરા-કચ્છ હાલે મુલુંડ હસ્તે વીણાબેન દીપક લોડાયા તથા બીજલબેન હેમંત લોડાયા સમસ્ત પરિવારનાં સહયોગથી ફ્રેન્ડસ સ્કૂલ હોલ મુલુંડ મધ્યે યોજાયો હતો. જેમાં શ્રી વીર વાછરા દાદાનાં ૧૫૦૦ થી વધુ ભક્તો દેશાવર, મુંબઇ, કચ્છભરમાંથી જોડાયા હતા.

રેણુકા સોલંકી, દર્શન પંચાલ, ઓગળભાઇ ભરવાડ અને મનોજ કારાણી એન્ડ પાર્ટીએ શ્રી વીર વાછરાદાદાનાં ભજનોની રમઝટ જમાવી હતી.

મુંબઇ મહાજનશ્રી અધ્યક્ષ શ્રી નયનભાઇ ભેદા, કિર્તીભાઇ ધરમશીં, ચંદ્રેશભાઇ છેડા, મુલચંદભાઇ મોતા, ચીમનભાઇ મોતા, શામજીભાઇ દંડ તથા સમાજનાં આગેવાનો આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



જયેશ જૈન, ગોવિંદજી પટેલ, પ્રવીણ લોડાયા, વિપુલ પટેલ, કિરણ દંડ, વીરચંદ ખોના, પ્રવિણ મોતા, વીરેન્દ્ર લોડાયા, હેમંત મોતા, જયેશ લોડાયા, પ્રબોધ મુનવર, હિતેશ પટેલ સહિત શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇનાં સર્વે કાર્યકર ભાઇ-બહેનો આ કાર્યક્રમમાં જોડાયા હતા. પેડી પ્રસાદ, મહાઆરતી, થાળ અને દાદાને આહવાન કાર્યક્રમો યોજાયા હતા.

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઇ દ્વારા કચ્છ, હાલાર, પાવાગઢ સહિત શ્રી વાછરાદાદાનાં ૩૮ મંદિરોનું નૂતનીકરણ અથવા જિર્ણોદ્ધાર કાર્ય વિવિધ દાતાશ્રીઓનાં સહયોગથી કરવામાં આવેલ છે. સૌથી વધુ કચ્છમાં વાછરાદાદાનાં નૂતન મંદિરો બનાવવામાં આવ્યા છે. ૩૯ મું નવું મંદિર કચ્છનાં રવાપરમાં નિર્માણ પામી રહ્યું છે. ગ્રુપ દ્વારા યોજવામાં આવેલ વિવિધ કાર્યક્રમોમાંથી ઉપજેલ ૧૦ લાખ જેટલી રકમ કચ્છમાં પશુ ઘાસચારા તથા પાંજરાપોળ સંસ્થાઓનાં જીવદયા કાર્યોમાં અર્પણ કરી દેવાઇ છે.

# હૈદ્રાબાદ કાચીગુડા સંઘના જિનેશ્વર ધામમાં સાધ્વી ભગવંતોએ પદાપર્ણ કર્યું

તા.૧૫મે બુધવારના રોજ પ.પૂ.સાધ્વીશ્રી કલ્પરસાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી હિતદર્ષાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી યોગ દ્રષ્ટિશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ હૈદ્રાબાદ સિટીના કાચીગુડા સ્થિત શ્રી અચલગચ્છ જૈન સંઘ સંઘાલિત શ્રી શાંતિનાથ પ્રભુ જિનાલય-જિનેશ્વર ધામ મધે આગામી ચાતુર્માસની આરાધના કરાવવા હેતુ સાથે પદાર્પણ કર્યું.

સંઘના ચેરમેન રમણિકલાલ નાગડા તથા મેનેજીંગ ટ્રસ્ટી પોપટલાલ છેડાએ એક અખબારી યાદીમાં જણાવ્યા મુજબ શાસન રત્ન, રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા., અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના શુભાશિર્વાદથી તથા સાહિત્ય દિવાકર સૌમ્ય સ્વભાવી દક્ષિણ દીપક વર્તમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞા આશિષથી એવમં પ.પૂ.સાધ્વીશ્રી નરેન્દ્રશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી અરૂણપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી કલ્પરસાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી હિતદર્ષાશ્રીજી મ.સા. એવમં પ.પૂ.સાધ્વીશ્રી યોગદ્રષ્ટિશ્રીજી મ.સા. આદિઠાણા ૩ કાચી ગુડા સ્થિત શ્રી અચલગચ્છ જૈન સંઘ સંચાલિત શ્રી શાંતિનાથ જિનેશ્વર ધામ જિનાલયમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રાવક શ્રાવિકાઓની ઉપસ્થિતમાં પદાપર્ણ કર્યો.





સંઘના સદસ્ય રિધ્ધિશ જાગીદારએ જાણકારી આપ્યા પ્રમાણે મહારાજ સાહેબોનું નગર પ્રવેશ પ્રાત ૧૦ કલાકે તાડવન ચાર રસ્તાથી નીકળ પ્રાત ૧૧ વાગે બાંઢિયા ગાર્ડન પાસે શ્રી જૈન દાદાવાડી મંદિર પહોંચી. પ્રવેશ બાદ સમૂહ ચૈત્ય વંદના પછી પ.પૂ.સાધ્વીશ્રી ભગવંતએ માંગલિક ફરમાવ્યું.

માણીકચંદ સમદરિયાએ કહ્યું કે જિન દતસુરી દાદાવાડી મંદિર સામુહિક વર્ષીતપ સમિતિ તરફથી સામૂહિક વર્ષીતપનું આયોજન કરાયું. જેમાં ૧૮૦ થી વધુ તપસ્વી શ્રાવક શ્રાવિકાઓ જોડાયા છે.

પોપટલાલ છેડાએ ઉગ્ર વિહાર કરી નગર પધારેલ. સાધ્વી ભગવંતોની પ્રત્યે આત્માની લાગણી પ્રગટ કરી. સાધ્વીજીઓને દાદાવાડી સ્થિરતા માટે સહયોગ આપવા બદલ શ્રીજિન દતસુરી દાદાવાડી મંદિર ટ્રસ્ટનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદ સિટી તરફથી દાદાવાડી મંદિરમાં આયોજિત સામૂહિક વર્ષીતપમાં એક દિવસીય એકાસણા યોજનામાં સહયોગી તરીકે જોડાયા હતા. પૂજ્ય સાધ્વીજીઓના નગરપ્રવેશ અવસરે ભરત શાહ દ્વારા રૂા.૫૦ તથા સંઘની તરફથી રૂા.૨૦ની પ્રભાવના કરાઈ હતી. હૈદ્રાબાદ સંઘ તરફથી સૌને પૂજ્ય સાધ્વી ભગવંતોના આગામી ૭ જુલાઈના થનારા ચાતુર્માસ મંગલ પ્રવેશ અવસરે ભાગ લેવા નિમંત્રણ અપાયું. જેનો દાદાવાડી સંઘએ સ્વીકારી અવશ્ય આવવાની ખાતરી આપી હતી.

બુધવાર, તા.૧૫મેના પ્રાતઃ સિખ વિલેજ શ્રી જિન દતસૂરી દાદાવાડી મંદિરથી વિહાર કરી પ્રાતઃ૮ વાગે કાચીગુડા ચાર રસ્તા સ્થિત વીર સાવરકર પ્રતિમા પાસે પધારી મોટી સંખ્યામાં પધારેલ. ભક્તોની સાથે સવારે ૯ કલાકે કાચીગુડા સ્થિત જિનેશ્વર ધામ મંદિરમાં પદાપર્ણ કર્યું.

નગર પ્રવેશ અવસરે દાદાવાડી ટ્રસ્ટના ટ્રસ્ટી માણીકચંદ સમદરિયા ટ્રસ્ટી જ્યોતિબેન સુરેન્દ બાંઢિયાની સાથો સાથ રમણિક નાગડા, પોપટલાલ છેડા, તલકશી ગડા, રિધ્ધીશ જાગીરદાર, દિનેશ ગોસર, દેવચંદ ગાલા, અનિશ છેડા, રાજીવ મામણિયા, જયેશ નાગડા, પ્રદીપ નાગડા, પ્રવીણ કારાણી, નવીન મારૂ, શાંતિલાલ મારૂ, ભરત શાહ, વિકાસ શાહ, હેમંત ગડા, પ્રીતિ મામણિયા, ભાનુબેન ગાલા, અવની છેડા, જ્યોત્સના સાવલા, રેણુકા શાહ, જયવંતી દેઢિયા ઈત્યાદિ ઉપસ્થિત રહ્યાં હતાં.

ફોટો લાઈન : શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદ સિટી સંચાલિત શ્રી શાંતિનાથ પ્રભુ મંદિરમાં પ.પૂ.સાધ્વીશ્રી કલ્પરસાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ના પદાપર્ણ પ્રસંગે ઉપસ્થિત ચેરમેન રમણિક નાગડા, મેનેજીંગ ટ્રસ્ટ પોપટલાલ છેડા, દાદાવાડી ટ્રસ્ટના જ્યોતિ બાંઢિયા, માણેકચંદ સમદરિયા, અનીશ છેડા, વિપુલ ગાલા, દિનેશ ગોસર, રિધ્ધિશ જાગીરદાર, રાજીવ મામણિયા તથા અન્ય.

# સંજીવની કેસ નં.૧૪૧ માટે જરૂરી રકમ રૂા.૨.૭૫ જમા થઈ જતાં કેસ ક્રાઉડ ફંડિગમાંથી પાછો લેવાયો




સાંયરા મુલુંડના ૬૭ વર્ષીય શ્રીમતી ધનલક્ષ્મીબેન નવીનચંદ્ર મોમાયાને હાઈ બી.પી. સાથે ઓર્થોપનિયા, ટાર્કીકાડિર્યા, કન્જેસ્ટિવ કાર્ડિયાક ફેલ્યોર અને એક્યુટ કિડની ફેલ્યોરને કારણે તાત્કાલિક હોસ્પિટાલાઈઝ કરાયા. તેઓને ડાયાલિસિસની જરૂર રહે છે.

પતિ ફેબ્રુઆરીમાં લાંબી માંદગીને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતા. દર્દી પતિ અને પુત્ર સાથે ભાડાના ઘરમાં રહે છે. પુત્રએ ૪ મહિના પહેલા કુંપનીની લે ઓફ પોલિસીને કારણે નોકરી ગુમાવેલ છે અને હાલે બે રોજગાર છે. પરિવારનો કોઈ વીમો નથી કે નથી કોઈ બચત. બીમારીના કારણે ચિંતિત પરિવારજનો એ સારવાર માટે અંદાજિત રકમ રૂા.૨.૭૫ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે અરજી કરી. જેનો અભ્યાસ કરી જરૂરી ભંડોળ માટે કેસ ક્રાઉડ ફંડિગ માટે મૂકાયો.

સદર કેસ માટે એક અજ્ઞાત દાતાએ પોતાનું નામ ન જાહેર કરતાં રૂા.૫૧ હજારનું યોગદાન આપી માનવતાનું ઉત્તમ ઉદારણ દર્શાવ્યું તો એ જ રાહમાં રૂા.૫૦ હજારનું અમૂલ્ય યોગદાન નોંધાવતા અન્ય બીજા અજ્ઞાત દાતાએ પણ આગળ આવી નામ જાહેર ન કરી માનવતાની ઉત્તમ ફરજ બજાવી એ બાદ શ્રી કચ્છી દશા ઓસવાલ સાંયરા-જૈન મહાજન એ પણ પોતાના ગામાઈ બંધુને વહારે ચડીને રૂા.૫૦ હજારનું યોગદાન આપ્યું.

આ ત્રણેય દાતાઓના સહયોગને લીધે સદર અરજી માટે જરૂરી રકમ ટૂંકા ગાળામાં જમા થઈ જતાં કેસ નં.૧૪૧ ક્રાઉડ ફંડિગમાંથી પાછું લઈ લેવાયો ઉદારદિલ દાતાઓ મહાજન અને વ્યક્તિગત શ્રેષ્ઠીઓના હરહમેંશના સાથને લીધે મેડિકલ સમિતિ જ્ઞાતિજનોને મદદરૂપ થાય છે. જે માટે અનુમોદના કરે છે.

# વિઝન એકેડમીના ફાઉન્ડર શિવાની શાહ ગ્લોબલ એક્સેલન્સ એવોર્ડથી સન્માનિત



સહારા સ્ટાર હોટલ ખાતે બ્રાન્ડ એમ્પાવયર દ્વારા યોજાયેલ સમારોહમાં વિઝન એકેડમીના સ્થાપક અને ફ્રેન્ચની લે ટ્રેસરના શિવાની મિનલ રાજેશ ભવાનજી ગોસર બારોઈ-ડોંબિવલીને GEA ગ્લોબલ એક્સેલન્સ એવોર્ડ ૨૦૨૪ સુપ્રસિદ્ધ હિન્દી ફિલ્મોની અભિનેત્રી શિલ્પા શેટ્ટી-કુંદરના હસ્તે અપાયો.

આ એવોર્ડ શિક્ષણમાં સંનિષ્ઠ નેતૃત્વ અને નવીન અભિગમ આપવા માટે પ્રદાન કરાયો. શિવાની શાહ (ગોસર) NMIMSમાંથી હ્યુમન રિસોર્સીસમાં એમ.બી.એ. કર્યું છે અને ફ્રેન્ચમાં તેણીએ સી-૧ પૂર્ણ કર્યું છે.

૧૬ વર્ષની ઉંમરે તેણે કારકિર્દીની શરૂઆત કરી હતી. ઉદ્યોગમાં ઓળખ અને પ્રશંસા મેળવી. અભ્યાસની નવીન પધ્ધતિઓ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા ધોરણોને સુધારવા સતત કટીબધ્ધ રહે છે. તેણીએ વિશિષ્ટ અને તેજસ્વી કારકિર્દી દરમ્યાન કેમ્બ્રિજ શિક્ષણ અને ભાષા શિક્ષણમાં ૪ હજારથી વધુ વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું છે.

તેમજ ઉતમ શિક્ષક તરીકેની શ્રેષ્ઠતા માટે પ્રતિષ્ઠા મેળવી છે. તેણીએ કુશળતા અને અનુભવના આધારે વિદ્યાર્થીઓની સાથે સાથે તેમના વાળીઓનો પણ આદર મેળવ્યો છે. તેઓએ તેણીની ધીરજ, જ્ઞાન, વક્તૃત્વ ભાષી, સર્જનાત્મક શિક્ષણ પધ્ધતિઓ અને સંચાર કૌશલ્યોની પ્રશંસા મેળવી છે.

તેમની ફિલસૂફી છે વિદ્યાર્થીઓના સપનાએ મારા સપના. તેથી આ ધ્યેયને પૂરું કરવા હમેંશા ગુણવતા યુક્ત શિક્ષણ જ્ઞાન આપવા માટે ઉત્સુક હોય છે. તેમની એકેડમીના ૧૬ વર્ષથી ઓછી વયના ૧૫ વિદ્યાર્થીઓએ ફ્રેન્ચ ભાષા માટે આંતરરાષ્ટ્રીય પ્રમાણ પત્ર મેળવ્યાં છે. જે શિવાની શાહ દ્વારા થતાં કાર્યની મોટી ફળશ્રુતિ છે. આ સન્માન ગૌરવ પ્રાપ્ત કરવા બદલ સમસ્ત મહાજન તરફથી હાર્દિક અભિનંદન.

# રંગપુર તીર્થ જીનાલયનો ધ્વજા મહોત્સવ રંગેચંગે સંપન્ન થયો








જામનગર પાસે હાલાર પ્રદેશના રંગપુર નગર તીર્થના જિનાલયનો ધ્વજા મહોત્સવ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ કરી સંપન્ન થયો હતો.

# રાયપુર નગરે શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલય-ગુરુમંદિરની ૨૪મી ધ્વજા મહોત્સવ પ્રસંગે પધારવાનું નિમંત્રણ

છતીસગઢ રાજ્યના રાયપુર નગરના શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલય શ્રી સિધ્ધચક્ર સહદેવ દેવી ગુરૂમંદિરની ૨૩મી વર્ષગાંઠ એવમ ૨૪મી ધ્વજા મહોત્સવનો દ્વિ દિવસીય કાર્યક્રમ તા.૨૩ મે ગુરૂવાર તથા તા.૨૩ મે શુક્રવારના આયોજિત કરાયો છે.

આધ્યાત્મ યોગી ઉપાધ્યાય પ્રવર શ્રી મહેન્દ્રસાગરજી મ.સા.ના સુશિષ્ય યુવા મનીષી ઉપાધ્યાય શ્રી મનીષસાગરજી મ.સા.ના સુશિષ્ય, મુનિશ્રી વિવેક સાગરજી મ.સા. આદિઠાણાના પાવન નિશ્રામાં વિવિધ ધર્મ આરાધનાઓ ભવ્ય ભાવ સાથે થશે.

મહોત્સવના આકર્ષણમાં જિનાલયની ભવ્ય સજાવટ, મુંબઈના સુપ્રસિદ્ધ ઢોલ-શરણાઈનું વાદન, પ્રભુજીની ભવ્ય અંગ રચના, ભવ, રંગોળી, ભવ્ય ગહુલી, જીવદયા કાર્ય સાથે અનુકંપા દાન.

મહોત્સવ દરમ્યાન કાળા વસ્ત્ર પરિધાન અને ચામડાની વસ્તુનો વપરાશ વર્જિત છે.

ભવ્ય ધ્વજા મહોત્સવમાં પધારી લાભ લેવાનો આમંત્રણ શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અધ્યક્ષ ચંદ્રેશ વીરચંદ શાહ-છેડા-૯૪૨૫૨૧૩૫૪૦ તથા સચિવ કિશોર મેઘજી મોતા-૯૨૨૯૪૯૫૪૫૯ તરફથી અપાયું છે.



# શ્રી નલીયા નાગડા ગોત્રના શ્રી અંબા માતાજીના નવા ભૂવા માટેનો કાર્યકર્મ ખૂબજ સરસ રીતે સંપન્ન થયો

તા.૧૯ એપ્રિલથી ૨૩ એપ્રિલ દરમ્યાન શ્રી નલીયા નાગડા ગોત્રના શ્રી અંબા માતાજીના ભૂવા માટેનો કાર્યકમ ખૂબજ સરસ રીતે થયો હતો મુંબઈ તેમજ દેશાવરથી ભાવિકો આ કાર્યક્રમ માટે પધાર્યા હતા.

શેઠ શ્રી કુસુમકાંત વર્ધમાન જીવરાજ નાગડા (ગાંધીધામ) જયારે તેઓ ૮ વર્ષના હતા ત્યારે ભૂવા બનેલ એમનું ૨૨ જૂન ૨૦૧૮ ના ૭૮ વર્ષની આયુએ અવસાન થયેલ આમ ૭૦ વર્ષ સુધી માતાજીના ગાદીપતિ તરીકેની સેવા આપેલ જે સમયકાળમાં નાગડા ગોત્રની ઉતરોતર ઉન્નતિ થયેલ. કોરાના વગેરેના ૬ વર્ષના અંતરાલ બાદ ૨૩ એપ્રિલના વહેલી સવારે ચી.તરંગ ગિરીશ શામજી નાગડા (નલીયા) ૧૮ વર્ષની આયુના નાગડા ગોત્રને નવા ગાદીપતિ મળેલ.

તા.૧૯ એપ્રિલના સંપૂર્ણ મંદિરનું શુદ્ધિકરણ તેમજ ભાવિકો દ્વારા નગર દર્શન તેમજ અસપાસના દેવસ્થાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

તા.૨૦ એપ્રિલના સવારે શાંતિ સ્નાત્રપૂજા, ભકતી ભાવથી થઈ. તેમજ રાત્રે સંગીતકાર આરતી સાવલાના સથવારે ભક્તિ ભાવના તેમજ રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિ ભાવના બાદ મહા આરતી કરવામાં આવી હતી આરતીમાં થયેલ ચડત શ્રી નલીયા પાંજરાપોળને અર્પણ કરવામાં આવી હતી.

તા.૨૧ એપ્રિલના પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણકના દિવસે સવારે પ્રભુની રથયાત્રા તેમજ નાગડા ગોત્રના ભાવિકો તરફથી સંપૂર્ણ નલીયાવાસીઓ સાથે સ્વામીવાત્સલ્ય આયોજન કરવામાં આવ્યું હતું નાગડા ગોત્ર તરફથી બપોરે પ્રભુ મહાવીર પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી રાત્રે પ્રભુજીની ભવ્ય આંગી તેમજ ૧૦૮ દિપની મહા આરતી કરવામાં આવી હતી.

તા.૨૧ એપ્રિલના શ્રી ગોવિંદજીભાઈ લાલજી પટેલ (સાંધવ) ના માર્ગદર્શન હેઠળ નૂતન ભૂવા બનાવવાની વિધિની શુભ શરૂઆત કરવામાં આવી હતી શ્રી ગણપતિ સ્થાપના તેમજ કળશ સ્થપનાથી શરૂઆત કરવામાં આવી હતી લગાતાર બે દિવસ રાત્રી સમયમાં ભૂવા બનવાની વિધિઓ ચાલી હતી તેમાંથી એક નવ યુવાન એવા ચી.તરંગભાઈ કળશ ઉંચકી નવા ગાદીપતિ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા હર્ષ ઉલ્લાશથી વધાવી લેવામાં આવ્યા હતા.આમ નાગડા ગોત્ર માટે ચી. તરંગભાઈ નવા ભૂવા થયા હતા તેમને શેઠ શ્રી કુસુમકાંતભાઈની જગ્યાએ નવા ગાદીપતિ તરીકે બેસાડવામાં આવ્યા હતા એ ખુશાલીમાં બીજા દિવસે સંપૂર્ણ નલીયાવાસીઓ સાથે સ્વામીવાત્સલ્ય યોજવામાંઆવ્યું હતું માતુશ્રી તારાબાઈ લહેરચંદ નાગડા (ઘાટકોપર) પરિવાર તરફથી સંઘ પૂજન કરવામાં આવ્યું હતું

આ ભુવાના કાર્યક્રમની સફળતા માટે શ્રી નાગડા ગોત્ર ભુવા કમિટીની મહેનત રંગ લાવી હતી સહ દાતા પરિવારોનો પણ સિંહફાળો રહ્યો હતો.

પુષ્પાબેન કુસુમકાંત નાગડા , તારાબેન લહેરચંદ નાગડા, સરલાબેન લધુભાઇ નાગડા, લક્ષ્મીબેન પદમશીનાગડા વડીલ તરીકેનો સંપૂર્ણ માર્ગદર્શન મળ્યું હતું.

હંસાબેન દિનેશ નાગડા તેમજ શુશીલાબેન લક્ષ્મીચંદ નાગડા ત્રણે દિવસ સ્નાત્રપૂજા તેમજ પંચકલ્યાણક પૂજા, જુહાર તેમજ વિધિની સામગ્રી માટે સહકાર મળ્યો હતો.

શ્રી નલીયા મહાજન, શ્રી નલીયા દેરાસર, શ્રી ચંદ્રપ્રભ અતિથિ ભવનના ટ્રસ્ટી તેમજ કર્મચારીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

પાંચ દિવસ એકજ રસોડે શ્રી સંજયભાઈ જોષી મનગમતા ભોજન પિરસ્યા હતા. મંડપ અને લાઇટિંગ માટે કિરણભાઈ મોતાનો સાથ મળ્યો હતો.

એક નાગડા ગોત્ર એવું છે કે છેલ્લા ૬૪વર્ષ થી એકજ સ્થાને પહેડીનો પ્રસંગ ઉજવે છે અને પહેડીના કોઈ લાભાર્થી પરિવાર હોતો નથી ત્યાં સ્થાને રાખેલ પેટીમાં વર્ષ દરમિયાન જમા થયેલ રકમમાંથી જ આ પહેડી પ્રસંગ ઉજવાય છે આમ દરેક ભાવિકોને લાભ મળે છે.

શ્રી અંબામાંની પ્રતિમા પણ શ્રી જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથા ના હસ્તે સ્થાપિત થયેલી છે પ્રાતઃ સ્મરણીય શેઠનો આટલો પ્રભાવ હોય તો  પ્રતિમાનો પણ એટલોજ અચિંત્ય પ્રભાવ છે. દેશ દેશાવરથી નાગડા ગોત્રના ભાવિકોની સતત અવરજવર ચાલુ રહે છે.

આ વર્ષની ૬૫મી સમૂહ પહેડી તા.૭ જુલાઈના રોજ ઉજ્જવવાનું નિર્ધારીત થયેલ છે.

# ૧૮ થી ૩૦ વર્ષ વયના યુવાઓ માટે ગ્રુમિંગ વર્કશોપનું આયોજન




શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ તથા શ્રી અનંતનાથ ટ્રસ્ટના ઉપક્રમે તા.૧૫ જૂન મંગળવાર બપોરે ૨ થી ૫ દરમ્યાન વીએલવીજી ઘાટકોપર મધ્યે મિસ પ્રાંજલી નાટુ M.Sc.હોસ્પિટાલાઈઝ એન્ડ ટૂરિઝમ મેનેજમેન્ટ એક્સ્પર્ટનો ગ્રુમિંગ વર્કશોપ ૧૮ થી ૩૦ વર્ષ વયના કેડીઓ યુવાઓ માટે યોજાયું છે. જેમાં પ્રથમ નોંધણી કરાવનારા ૨૫ જણને સમાવેશ કરાશે. રજિસ્ટ્રેશન રૂા.૨૦૦ છે. જે માટે સત્વરે અલકા ભેદા-૯૮૨૧૧૭૯૭૯૬ અથવા મનિષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪ પાસે નામ નોંધાવવા.

દરેક વ્યક્તિ હર એક પ્રસંગમાં સારા-સુધડ દેખાવા માંગે છે પછી તે ઈન્ટરવ્યુ હોય કે મિત્રો સાથે રેસ્ટોરેન્ટમાં જવાનો હોય, કે વિજાતીય વ્યક્તિ સંગે ડેટ પર જવાનો હોય. આત્મવિશ્વાસ અને પ્રભાવશાળી વ્યક્તિત્વ સાથે જાતને ફરીથી કલ્પના કરવા માટે અત્રે આવીને એક તક લઈ શકો છો. જે ચૂકશો નહીં. આકર્ષક પ્રાઈઝ સાથે પ્રોગ્રામ અંતે હાઈટીની વ્યવસ્થા.

ગ્રુમિંગ ઈન્ડસ્ટ્રીઝના પાયોનિયર એવા મિસ પ્રાંજલી નાટુ દ્વારા સંચાલિત આ વર્કશોપ એક અનોખો આત્મવિશ્વાસ જગાવશે. જે માટે મુંબઈ મહાજન આપ યુવા સૌને આમંત્રણ આપે છે.

# કચ્છ યુવક સંઘ-ડોબિંવલી શાખા દ્વારા કેરિયર ગાઈડન્સ પ્રોગ્રામ યોજાયો







''કેરિયર ગાઈડન્સ પ્રોગ્રામ'' તા.૧૨ મે રવિવાર સાંજના ૪ કલાકે થી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ મોટા ઉપાશ્રય ડોમ્બીવલી પૂર્વમાં આયોજિત કરવામાં આવેલ. જેમાં શ્રી કે.વી.ઓ.સમાજ, શ્રી ક.દ.ઓ.સમાજ, શ્રી લોહાણા સમાજ, શ્રી રાજગોર સમાજ, શ્રી ભાનુશાલી સમાજ, શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

આ કાર્યક્રમમાં સહયોગી સંસ્થા ''શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ- ડોંબિવલી''ના પ્રમુખ મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધર), માનદમંત્રી  અનુજ ગિરીશ લોડાયા (રવા), મંડળના શૈક્ષણિક કન્વિનર શ્રીમતી અર્ચના અમીત ખોના (નલિયા), મનીષ પ્રવિણચંદ્ર કાંકણ (સાંધાણ)નું કચ્છ યુવક સંઘની ટીમ દ્વારા સન્માન કરવામાં આવેલ.

પોતાના મંતવ્યમાં પ્રમુખ મહેન્દ્ર ભાઈ મોતા એ સર્વે કચ્છી સમાજને એક થઇ શિક્ષણ સાથે દરેક ક્ષેત્રમાં સાથે મળીને કાર્ય કરીશું અને સમગ્ર કચ્છી સમાજને આગળ વધારશું એવી ઈચ્છા વ્યક્ત કરેલ.

# અબડાસા તાલુકાના મથક નલિયામાં ચાલુ શૈક્ષણિક સત્રથી સરકારી કોલેજ શરૂ થશે

કચ્છના છેવાડાના અબડાસા તાલુકામાં એક પણ સરકારી કોલેજ ન હોવાથી વિદ્યાર્થીઓને ઉચ્ચ ડિગ્રી શિક્ષણ મેળવવા મુશ્કેલી પડે છે. જે માટેના છુટકે ભુજ સુધી અપડાઉન કરવું પડે છે. લાંબા સમયથી લોકોની માંગ અને ધારાસભ્યની રજૂઆતો બાદ માર્ચ મહિનામાં મુખ્યમંત્રી શ્રીએ નલિયામાં આર્ટસ, કોમર્સ કોલેજ શરૂ કરવા સૈધાતિક મંજૂરી આપી હતી. હવે ચાલુ સત્રથી શૈક્ષણિક કાર્ય શરૂ કરવાની પરવાનગી અપાઈ છે. વિદ્યાર્થીઓ પ્રવેશ માટે ઓનલાઈન ગુજરાત કોમન એડમિશન સર્વીસ GCAS પોર્ટલ પર અરજી ફોર્મ ભરી શકશે. કોલેજનું સ્થળ, સ્ટાફ અને સીટની સતાવાર રીતે જાહેરાત હવે થશે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા કરાયેલી દરખાસ્ત પ્રમાણે સરકાર દ્વારા તાજેતરમાં મંજૂર કરવામાં આવેલી નવી કોલેજ માટે આચાર્યની નિમણૂંક કરવામાં આવી છે. સાથોસાથ સદર કોલેજમાં એડમિશન માટે શિક્ષણ વિભાગે મંજૂરી આપી દીધી છે અને પોર્ટલ પર આ કોલેજનો સમાવેશ કરી નખાયો છે. નલિયા ખાતેની કોલેજના આચાર્ય તરીકે સરકારી વિજ્ઞાન કોલેજ માંડવીના મદદનીશ પ્રાધ્યાપક એ.એસ.જલવાણીની નિમણૂંક કરવામાં આવી છે.

દરમ્યાન નલિયાને કોલેજ મળે એ માટે નલિયાના વિવિધ સમાજના આગેવાનો શિક્ષણ પ્રેમીઓ ઘણી મહેનત કરીને ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજા મારફતે આકાર કરતાં સર્વત્ર હરખ ઉત્સવ મનાવ્યો હતો. સંભવત નલિયાની મોડેલ સ્કૂલમાં કોલેજ કાર્યરત થાય એવી સંભાવના વ્યક્ત કરાઈ છે. રેલવે લાઈન નલિયા સુધી પહોંચી છે ત્યારે કોલેજ શરૂ થવાની જાહેરાતથી સમગ્ર અબડાસા તાલુકાની પ્રજા આનંદિત થઈ છે. કોલેજનો મોટો લાભ તાલુકાના ગામડાઓના વિદ્યાર્થીઓને મળશે.

# થાણેમાં મે માસના દર શનિવાર-રવિવારે કેડીઓ જૈન પરિવાર દ્વારા મફત છાશ વિતરણ કરાય છે




શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ પરિવાર દ્વારા થાણે શહેરમાં મે માસના દર શનિવાર રવિવારના મફત છાશનું વિતરણ કરવામાં આવે છે.

તા.૧૨ મે રવિવારે બપોરે ૧૧ વાગ્યાથી થાણેના રામ મારૂતિ રોડ અને વીર સાવરકર રોડના ચોકડીએ કેડીઓ જ્ઞાતિ પરિવારના કે.એચ.ખોના, શ્રીમતી જે.કે.ખોના અને એમ.એન.વિકમશીની સ્મૃતિમાં મફત ઠંડી છાસનું વિતરણ કરાયું હતું. ઉનાળાની ગરમી બળબળતા તાપતા અમૃત પાન જેવી ઠંડી મધુર છાશનો લાભ અનેક જણ લઈ તૃપ્ત થાય છે.

# પારોલા તીર્થના શ્રી શાંતિનાથજી જિનાલયનો ધ્વજારોહણ મહોત્સવ સંપન્ન થયો





શ્રી કચ્છી દશા ઓસવાલ પારોલા સંઘના શ્રી શાંતિનાથજી જિનાલય તીર્થનો ધ્વજારોહણ મહોત્સવ વિવિધ ધર્મ આરાધનાઓ વિધિકાર ચિરાગભાઈ ખુશાલભાઈ સંગોઈ સાથે ધર્મ ભાવ ભક્તિ સંગે ઉજવાયો.




# મંજલ રેલડીયા નગરે શ્રી આદિનાથ સ્વામી જિનાલયની ૧૪૨ મી વર્ષગાંઠ પ્રસંગે ભક્તિ મહોત્સવમાં ૧૮ અભિષેક પૂજન થયાં




કચ્છના રેલડીયા મંજલ સંઘ આંગણે શ્રી આદિનાથ સ્વામી જિનાલયની ૧૪૨મી વર્ષગાંઠ પ્રસંગે ભાક્તિ મહોત્સવના પહેલાં દિવસે પ.પૂ.સાધ્વીશ્રીજીતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની પુનિત નિશ્રામાં ૧૮ અભિષેક પૂજન કાર્યક્રમ વિધિકાર ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાળાના સહયોગ ભક્તિ ભાવના માહોલમાં સંપન્ન થયા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર સહભાગી થઈ ધન્ય લાભ લીધો હતો.




# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા કેન્દ્ર સરકારની યોજના માટે ત્રિદિવસીય શિબિર

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી સંગે ડોંબિવલીકર પ્રતિષ્ઠા અને જૈન પ્રકોષ્ઠના સંયુક્ત ઉપક્રમે રાજ્ય સરકારના મંત્રી અને સ્થાનિક ધારાસભ્ય રવિન્દ્ર ચૌહાણના માર્ગદર્શન હેઠળ શનિવાર, તા.૨૭ એપ્રિલથી સોમવાર તા.૨૯ એપ્રિલ સુધી સવારના ૧૦ થી ૫ સુધી ત્રણ દિવસીય આયુષ્યમાન ભારત યોજના, ડોમિસાઇલ સર્ટિફિકેટ (રહેવાસી દાખલો), સિનિયર સિટીઝન કાર્ડ, દિવ્યાંગજન દાખલો,ઉદ્યોગ આધાર માટેની શિબિર રાખવામાં આવેલ હતી.

શિબિરના પ્રથમ દિવસે શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળના પ્રમુખશ્રી, જૈન પ્રકોષના અધ્યક્ષ, ડોંબિવલીકર પ્રતિષ્ઠાનના સભ્યો આમંત્રિત મહેમાનો સહ માનદ્ સેવકોએ સવારના દિપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

શિબિરમાં સમસ્ત જ્ઞાતિઓમાંથી કુલ્લ ૬૯૧ લોકોએ લાભ લીધો જેમાં ૨૦૮ શ્રી કચ્છી દશા ઓશવાલ ભાઈ બહેનો આવેલ હતા.

ત્રણ દિવસની આ શિબિરમાં સિસ્ટમ પર કામ કરનારી ત્રણે બહેનોએ ખૂબ જ કુશળતાથી કામ કરીને શક્ય કરતા વધારે લોકોનું કામ કર્યું હતું. શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ મોતા, ચેતનભાઈ નાગડા, અમિતભાઈ ખોના, મનિષભાઈ કાંકણ, પ્રિયાબેન મોમાયા, ભાવનાબેન મોમાયા, જીજ્ઞાબેન છેડા, મનિષાબેન મોમાયા, કલ્પેશભાઈ દંડ, ધવલભાઈ પોલડિયા, પરેશભાઈ ખોના, રાકેશભાઈ મૈશેરી તથા ગ્રામીણ મહિલા વિકાસના મનીષાબેન રાણે, ભાજપ ડોંબિવલી પૂર્વ મંડળના પ્રમુખ મુકુંદજી (વિશુ) પેડનેકર, જૈન પ્રકોષ્ઠના અધ્યક્ષ શ્રી શરદભાઈ જૈન, પ્રિયાબેન મોમાયા, ભાવનાબેન મોમાયા, જયશ્રીબેન નાગડા, જયશ્રીબેન શાહ, ભાવનાબેન નાગડા, હેમાબેન ખોના, પંકજભાઈ લોડાયા, અજયભાઈ શિયાડ, રાકેશભાઈ મૈશેરી, હીનાબેન મોમાયા, રાજેશભાઈ દેસાઈ, નરેશભાઈ ગાંધી, ભાવિનભાઈ વગેરે સભ્યો અને ડોંબિવલીકર પ્રતિષ્ઠાનના મિતેશભાઈ પેણકર, આકાશ બાંગડેના ત્રિવેણી સંગમના માનદ્ સેવકોએ ખડે પગે કાર્ય કરીને કાર્યક્રમને સફળતા અપાવી.

આળસ છોડીને સૌ પ્રથમ આપના કોઈ પણ કલરના રેશનકાર્ડ ૧૨ કોડ (Update) કરાવી લેવા નમ્ર વિનંતી. આગળ જતાં બહુજ ઉપયોગી થશે. આયુષ્યમાન કાર્ડ માટે રેશનકાર્ડ આધારકાર્ડ સાથે લિંક હોવું જરૂરી છે. લીંક ન કરેલ હોવાના કારણે ઘણા લોકો આ યોજનાથી વંચિત રહ્યા હતા છતાં પણ સારી એવી સંખ્યામાં લોકોએ પોતાના કાર્ડ બનાવી આ યોજનાનો લાભ લઈ ફરી ફરી આવા કાર્યો કરતા રહેજો એવા આશીર્વાદ આપ્યા હતા.

પ્રથમ વખત આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું સરકારી યોજનાઓમાં આપણી ક.દ.ઓ.જ્ઞાતિને વધુમાં વધુ લાભ મળી રહે, લોકોને આ યોજના માટે પૂરતું માર્ગદર્શન મળે એ હેતુથી ફરી એક વખત આ શિબિરનું આયોજન કરવામાં આવશે.

શિબિરનું આયોજન કરવામાં આવશે એવું શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી વતી કન્વીનર શ્રીમતી પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયા સાંયરા તથા શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા નલિયા દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રેમીલાબેન ધરમશી**
તા.૧૨ મે (ઉ.૫૬)
સાંધાણ-માંડવી



**સુશીલાબેન ખોના**
તા.૧૪ મે (ઉ.૬૭)
કોઠારા-ક્લીકટ



**યોગિતાબેન શાહ**
તા.૧૪ મે
ભુસાવલ
દક્ષા દિનેશ નાગડાની પુત્રી



**શામજીભાઈ શિયાલ**
તા.૧૫ મે (ઉ.૮૯)
દલતુંગી-ડોંબિવલી



**વિપુલભાઈ મોમાયા**
તા.૧૫ મે (ઉ.૪૯)
સાંયરા-અમદાવાદ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● ભૌગોલિક દૃષ્ટિએ વિશાળ સરહદી કચ્છ જિલ્લામાં વહીવટી સુગમતા ખાતર રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષના બજેટમાં અંજાર ખાતે નવી શિક્ષણ કચેરીની જાહેરાત કરતાં અંજાર શહેર સહિત પૂર્વ કચ્છ વિભાગમાં આનંદની લાગણી ફેલાઈ છે. શૈક્ષણિક વહીવટી કામો માટે અઢીસોથી ત્રણસો કિલોમીટર જેટલું અંતર કાપીને આવતા આચાર્યો–શિક્ષકોની યાતનાનો આ વ્યવસ્થાથી અંત આવશે. રાજ્ય બજેટમાં અંજાર ખાતે નવી શિક્ષણાધિકારીની જગ્યા મંજૂર કરી છે. જેમાં એક શિક્ષણ નિરીક્ષક અને એક મદદનીશ શિક્ષણ નિરીક્ષકની જગ્યાનો યે સમાવેશ થાય છે. એક રાજ્ય જેટલો ભૌગોલિક વિસ્તાર ધરાવતા કચ્છમાં સરકારી અનુદાનિત અને ખાનગી મળીને ૫૦૦ જેટલી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ કાર્યરત છે.

● દેશના પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીને ભારત સરકારે ભારત રત્ન આપવાનું જાહેર કરતાં કચ્છમાં ખાસ કરીને ગાંધીધામ–આદિપુરના લોકોને ખુશી થઈ હતી. ભારત, પાકિસ્તાનના ભાગલા બાદ તેમના પિતા કિશનચંદ અડવાણી આદિપુરના ઝેડ બંગલા અગાઉની જર્મન કોલોનીમાં રહેતા હતા. તેઓએ શહેરની પાયાની સંસ્થા એસ.આર. સી. અને ગાંધીધામ કો.ઓ.બેન્કની પાસે આવેલી એક પેઢીમાં નોકરી કરી હતી . તેમના પિતા ૧૯૫૦થી ૧૯૬૮ સુધી રહ્યાં હતા અને આ દરમ્યાન યુવા અવસ્થામાં રહેલા લાલકૃષ્ણ વર્ષમાં એકવાર માતા પિતાને મળવા આવતા રહેતાં હતા.

● દેશની સૌ પ્રથમ અમદાવાદ–મુંબઈ બૂલેટ રેલ કોરિડોર પ્રોજેક્ટનું કામ રોકેટ ગતિએ આગળ ધપી રહ્યું છે. આ પ્રોજેક્ટ માટે દેશમાં પ્રથમવાર પ્રારંભિક ભૂકંપ શોધ અમલી બનશે. જે માટે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૨૮ જેટલા સિસ્મોમિટર એટલે કે ભૂકંપ માપન યંત્ર લગાવાશે. આ પૈકીના બે સિસ્મોમિટર ભુજ અને આડેસરમાં લગાવવામાં આવશે. બુલેટ ટ્રેનમાં મુસાફરી દરમ્યાન પ્રવાસીઓની સલામતીને ધ્યાને લઈ અર્લી અર્થકવેક ડિટેક્શન સિસ્ટમ કાર્યરત કાર્યરત થશે. જાપાની તકનીક આધારિત આ સિસ્ટમના કારણે જો બૂલેટ ટ્રેન કોરિડોરમાં ભૂકંપનો આંચકો અનુભવાય તેની ૩–૪ મિનિટ પહેલાં બૂલેટ ટ્રેન ઊભી રહેશે.

● નખત્રાણા તાલુકાના પ્રખ્યાત એવા પાલરધુનાને પ્રવાસન ધામ તરીકે વિકસાવાય તો કચ્છને એક નવા નજરાણાની ભેટ મળી શકે તેવો સૂર આ વિસ્તારના જાગૃત નાગરિકોએ વ્યક્ત કર્યો છે. પાલરધુનાના પ્રવાહનું ઉદ્ગમ સ્થાન જિયાપર નજીક આવેલો નનામો ડુંગર છે. પાણીનો પ્રવાહ લાખાડી અને પુંઅરેશ્વર મંદિર નજીકથી પસાર થાય છે. આગળ જતાં જળ પ્રવાહ વેહડી બનીને પાલરધુના ઉપર ધોધ બનીને વહે છે. ભર ચોમાસે આ ધોધ મધ્યપ્રદેશના પંચમઢી પહાડ ઉપરથી પડતાં ધોધની યાદ દેવડાવે છે. આ પ્રવાહ પ્રખ્યાત ભોયણ નદીમાં ભળી જાય છે. પાલરધુના પંથક વારસામાં મળેલી પ્રકૃતિની ભેટ છે. ૮૦ ફૂટના ધોધ સાથે ગ્રેનાઈટ પથ્થરોની હારમાળા આવેલી છે. પાલરધુનાના તળમાં બારેમાસ પાણી ભરાયેલું હોય છે. જેમાં જળચર પક્ષીઓ વસીને ગેલ કરે છે. જો કાચો અને ઉબડ ખાબડ રસ્તો સુધારીને સુવિધા મળે તો સહેલાણીઓ મુક્ત મને મોજ માણવા પાલરધૂના સુધી સરળતાથી પહોંચી શકે તેમ છે.

● જાણીતા ફિલ્મ અભિનેતા જેકી શ્રોફ અઢી દાયકા પછી જાસૂસી થ્રિલર ફિલ્મ ટુ ઝીરોવનફોર ફિલ્મના શૂટિંગ માટે બે દિવસ કચ્છમાં રોકાણ કર્યું હતું. કચ્છના સફેદ રણની સુંદરતા પર રીતસરના ઓવારી ગયાં હતા. કચ્છના રણને નંબર વન ગણાવી વારંવાર કચ્છ આવવાની ઈચ્છા દર્શાવી હતી. માધાપર ઉપરાંત ભુજની ઓળખ એવા ભુજિયા ડુંગરમાં શૂટિંગ કર્યું હતું. ભુજિયાના શૂટિંગ દરમિયાન શીતલ મહેશ્વરી નામની આર્ટિસ્ટએ જેકી શ્રોફના સ્કેચવાળી તસવીર જ્યારે જેકી દાદાને આપી. ત્યારે તેમણે આ કલાને ભાવિ પેઢી પહોંચાડજો એવી શીખ આપી હતી. જેકી શ્રોફ રેફ્યુજી ફિલ્મના શૂટિંગ માટે કચ્છ આવી ચૂક્યા છે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA